
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૬૫ | ૨૬ ઓગસ્ટ, ૨૦૧૯, સોમવાર; શ્રાવણ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કાશ્મીરમાં નિયંત્રણો સંપૂર્ણ હટાવવા તખ્તો તૈયાર

**મોદી વિદેશ યાત્રાથી પરત ફર્યા બાદ ટૂંકમાં જ અંતિમ નિર્ણય : નજરકેદમાં રહેલા ઓમર, મહેબુબા મુફ્તી અને અન્ય ઘણા સ્થાનિક નેતાનો સંપર્ક કરાયો : સર્વદળીય મિટિંગ પણ બોલાવાશે : વિશ્વાસમાં લેવાના પ્રયાસો**



નવીદિલ્હી, તા. ૨૫

કેન્દ્ર સરકાર જમ્મુ કાશ્મીરમાં લાગૂ કરવામાં આવેલા નિયંત્રણોને સંપૂર્ણપણે દૂર કરીને સ્થિતિને સામાન્ય કરવા માટે મોટાપાયે પગલા લેવાની તૈયારીમાં છે. આની જાહેરાત ટૂંકમાં સમયમાં જ કરવામાં આવી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિદેશ યાત્રાથી પરત ફર્યા બાદ યોજાનારી બેઠકમાં નિર્ણાયક પહેલ કરવામાં આવી શકે છે. શનિવારના દિવસે શ્રીનગર પહોંચેલા રાહુલ ગાંધીના નેતૃત્વમાં વિરોધ પક્ષોના પ્રતિનિધિ મંડળને સુરક્ષા કારણો અંગે માહિતી આપીને એરપોર્ટથી જ પરત મોકલી દેવામાં આવ્યા હતા પરંતુ સરકાર તરફથી ત્યાં નજરકેદમાં રાખવામાં આવેલા ઓમર અબ્દુલ્લા, મહેબુબા મુફ્તી જેવા સ્થાનિક નેતાઓ સાથે સંપર્ક કરવાના પ્રયાસો તીવ્ર કરવામાં આવી ચુક્યા છે. આ ઉપરાંત સર્વપક્ષીય બેઠક બોલાવીને ત્યાંની સ્થિતિના સંદર્ભમાં માહિતી આપવાની કવાયત યોજવામાં આવી શકે છે. પાંચમી ઓગસ્ટના દિવસે જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલ ૩૭૦ને દૂર કવરામાં આવ્યા બાદ ખીણમાં લગભગ અંકુશ જેવી સ્થિતિ છે. જો કે, ૧૫મી ઓગસ્ટ બાદથી સ્થિતિને સામાન્ય કરવા માટે વિવિધ પગલા લેવામાં આવી ચુક્યા છે જે હેઠળ સ્કુલો અને કોલેજો તથા ઓફિસોને ખોલી દેવામાં આવી છે. લેન્ડલાઈન ફોન પણ ચાલુ કરવામાં આવ્યા છે. મોબાઈલ ફોન હાલમાં બંધ છે. દુકાનોમાં ઓછી હાજરી દેખાઈ રહી છે. સરકાર માની રહી છે કે, ખીણમાં સ્થિતિને પૂર્ણરીતે સામાન્ય બનાવવા વધારાના પ્રયાસો કરવા પડશે. કેટલાક ટોચના અધિકારીઓએ શ્રીનગરમાં નજરકેદમાં રાખેલા નેતાઓનો સંપર્ક કર્યો છે. ઓમર અબ્દુલ્લા અને મહેબુબા મુફ્તીને મળીને તેમને પરિસ્થિતિ અંગે માહિતી આપવામાં આવી રહી છે. આ નેતાઓની મુક્તિની પ્રક્રિયા પણ તીવ્ર કરી દેવામાં આવી છે. સરકાર અન્ય વિપક્ષી નેતાઓને પણ વિશ્વાસમાં લઈને આગળ વધવા માટે ઈચ્છુક છે. દિલ્હી અથવા તો શ્રીનગરમાં સર્વપક્ષીય બેઠક યોજી

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીર મુદ્દે મોદી અને ટ્રમ્પ વચ્ચે આજે મહત્વપૂર્ણ બેઠક

**કલમ ૩૭૦ મુદ્દે અમેરિકા ભારતની સાથે : વાતચીતમાં ટેરર ફંડિંગનો મુદ્દો ઉઠાવવા મોદી તૈયાર છે**



નવીદિલ્હી, તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે આવતીકાલે સોમવારના દિવસે મહત્વપૂર્ણ બેઠક યોજાનાર છે. આ બેઠકથી પહેલા અમેરિકાએ કહ્યું છે કે, મોદી સાથેની વાતચીત દરમિયાન કાશ્મીર ઉપર પણ ચર્ચા થશે. અમેરિકી પ્રમુખ કાશ્મીરમાં માનવ અધિકારોની સુરક્ષા માટે લેવામાં આવી રહેલા પગલાઓ અંગે માહિતી મેળવશે. જો કે, અમેરિકાએ ફરી એકવાર કહ્યું છે કે, કલમ ૩૭૦ને દૂર કરવાની બાબત ભારતનો આંતરિક મામલો છે. શનિવારના દિવસે જ ટ્રમ્પ વહીવટીતંત્રના અધિકારીઓ કહી ચુક્યા છે કે, અમેરિકા-ભારત-પાકિસ્તાન વચ્ચે તંગદિલી ઓછી કરવાની રણનીતિ ઉપર કામ કરી રહ્યું છે. સરહદપારથી ઘુસણખોરીને રોકવા, કાશ્મીરમાં ટેરર ફંડિંગને રોકવા અને અન્ય ત્રાસવાદીઓની મદદ કરવા માટે પાકિસ્તાનની ગતિવિધિ ઉપર નજર રાખવાની બાબતનો સમાવેશ થાય છે. ભારતને કાશ્મીરમાં સ્થિતિ સામાન્ય બનાવવા માટે પ્રોત્સાહિત કરવા અને માનવ અધિકારોની સુરક્ષાની ખાતરી કરવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. ટ્રમ્પ અને મોદી વચ્ચે યોજાનારી બેઠક પર વિશ્વ સમુદાયની નજર છે.

● અનુસંધાન પાન-૭ પર

# સ્વચ્છતા સેવા અભિયાન ૧૧મીથી આરંભાશે

**મન કી બાત કાર્યક્રમમાં મોદીએ જાહેરાત કરી : ૨૯મી ઓગસ્ટના દિવસે દેશમાં રાષ્ટ્ર ખેલ દિન પર ફિટ ઇન્ડિયા મુવમેન્ટ લોંચ કરાશે : બે મોહનનો કરેલો ઉલ્લેખ**

નવી દિલ્હી, તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં ફરી એકવાર બે મોહનનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, બે મોહન પૈકી એક ચક્રધારી શ્રીકૃષ્ણ છે જ્યારે બીજા મોહન ચરખાધારી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી છે. મોદીએ કહ્યું હતું કે, બીજી અવધિમાં ત્રીજી વખત રેડિયો કાર્યક્રમ મારફતે વાત કરી રહ્યા છે ત્યારે ૧૧મી સપ્ટેમ્બરથી સ્વચ્છતા જ સેવા અભિયાનની શરૂઆત કરવામાં આવશે. સાથે સાથે મોદીએ ૨૯મી ઓગસ્ટના દિવસે રાષ્ટ્ર ખેલ દિવસ પર ફિટ ઈન્ડિયા મુવમેન્ટ લોંચ કરવાની જાહેરાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, દેશના લોકો હાલના દિવસોમાં એકબાજુ વરસાદને લઈને આનંદ મેળવી રહ્યા છે. બીજી બાજુ ઉત્સવ અને મેળા ચાલી રહ્યા છે. ભારતભરમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી થઇ ચુકી છે. હજારો વર્ષો બાદ પણ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવે છે જેનાથી કલ્પના કરી શકાય છે કે, શ્રીકૃષ્ણ કેવા પ્રકારના વ્યક્તિત્વ ધરાવતા હતા. હજારો વર્ષ જુના જીવનની યાદ આજે પણ તાજી થઈ જાય છે. મોદીએ કહ્યુ હતુ કે, દરેક વ્યક્તિ શ્રીકૃષ્ણના જીવનમાંથી સમસ્યાઓના સમાધાન શોધી શકે છે. કૃષ્ણ ક્યારેક રાસમાં તો ક્યારેક ગાયોની વચ્ચે ક્યારેક ખેલકૂદમાં, ક્યારેક સમાજશક્તિમાં, ક્યારેક મિત્રતામાં ડુબી જતાં હતા. યુદ્ધ ભૂમિમાં સારથીનું કામ પણ સ્વીકાર્યું હતું પરંતુ ન્યાયના માર્ગ ઉપર આગળ વધવા માટે તમામને પ્રેરણા આપતા રહ્યા હતા. યમુના અને દરિયાકાંઠા ઉપર આજે શ્રીકૃષ્ણની ધૂમ જોવા મળી રહી છે. મોદીએ સેવાભાવને લઈને વાત કરી હતી અને કહ્યું હતુંકે, દેશમાં સ્વચ્છતા અભિયાનને નવેસરથી આગળ વધારવાની જરૂર દેખાઈ રહી છે. જુના પુસ્તકો એકત્રિત કરીને ગરીબોમાં વહેંચી શકાય છે. આધુનિક યુગમાં અનેક કામો થઈ રહ્યા છે. ૧૩૦ કરોડ દેશવાસી છે. ૧૩૦ કરોડ ઉપક્રમ થઇ શકે છે. કોઈ શરત નથી. માત્ર ઈચ્છાશક્તિ, સદ્ભાવ અને પૂર્ણ સમર્પણ ભાવની જરૂર દેખાઈ રહી છે.

## પીવી સિંધુએ ગોલ્ડ મેડલ જીત્યો

નવીદિલ્હી, તા.૨૫

ભારતની સ્ટાર બેડમિંટન ખેલાડી પીવી સિંધુએ આજે નવો ઈતિહાસ રચ્યો હતો. બીડબલ્યુએફ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં મહિલા સિંગલ્સની ફાઈનલમાં પીવી સિંધુએ જાપાની ખેલાડી નોઝોમી ઓકુહારા પર એક તરફી જીત મેળવીને ગોલ્ડ મેડલ પોતાના નામે કરવામાં સફળતા મેળવી હતી. આની સાથે જ આ ટુર્નામેન્ટમાં તાજ પોતાના નામે કરનાર તે પ્રથમ ભારતીય બની ગઈ હતી. સ્વિત્ઝર્લેન્ડના બાસેલમાં ૩૫ મિનિટ સુધી આ ફાઈનલ મેચ ચાલી હતી જેમાં સિંધુએ પોતાની હરીફ ખેલાડી ઓકુહારા પર ૨૧-૭ અને ૨૧-૭થી જીત મેળવી હતી. આની સાથે જ આ ટુર્નામેન્ટમાં ૨૦૧૭માં ઓકુહારા સામે મળેલી હારનો પણ બદલો લીધો હતો. તે ૨૦૧૩ અને ૨૦૧૪ બ્રોન્ઝ મેડલ જીતી હતી, જ્યારે ૨૦૧૭ અને ૨૦૧૮માં સિલ્વર મેડલ જીતી હતી. સતત બે વાર ફાઈનલમાં હારનો સામનો કર્યા પછી છેવટે સિંધુએ ગોલ્ડ મેડલ જીત્યો છે.

# અરૂણ જેટલીનો પાર્થિવદેહ પંચમહાભૂતમાં વિલીન

**જેટલીજીએ શનિવારે બપોરે ૧૨ વાગીને ૭ મિનિટે અંતિમ શ્વાસ લીધા : નિગમબોધ ઘાટ ખાતે અંતિમ સંસ્કાર : પુત્રએ મુખાગ્નિ આપ્યો : જીએસટીથી લઇને રાફેલ ડીલ સુધી, જેટલી મોદી સરકારના સૌથી મોટા ટ્રબલશૂટર રહ્યા : યૂપીએ સરકાર સમયે મોદી-શાહનો બચાવ કરનારાઓમાં જેટલી સૌથી આગળ રહ્યા : ૧૯૯૧માં ભાજપ રાષ્ટ્રીય કાર્યકારિણીના સભ્ય બન્યા : ટેક્સ રિફોર્મની સૌથી મોટી જવાબદારી જેટલીને મળી હતી**





ન્યુ દિલ્હી,તા.૨૫

પૂર્વ નાણાપ્રધાન અરૂણ જેટલીના અંતિમસંસ્કાર રાજકીય સન્માનની સાથે નિગમબોધ ઘાટ પર કરવામાં આવ્યા છે. તેમને પુત્ર રોહને મુખાગ્નિ આપ્યો હતો. તેમને અહીં પરિવારના સભ્યો અને નેતાઓએ અંતિમ વિદાય આપી હતી. આ પહેલા તેમના પાર્થિવ દેહને અંતિમ દર્શન માટે ભાજપના કાર્યાલયમાં રાખવામાં આવ્યો હતો. અહીં અમિત શાહ, રાજનાથ સિંહ સહિત ઘણા નેતાઓએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. જેટલીએ શનિવારે બપોરે ૧૨ વાગીને ૭ મિનિટે અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ ૬૬ વર્ષના હતા. કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવી ચૂકેલા જેટલી કેન્સરથી પીડાઈ રહ્યાં હતા.

મોદી ત્રણ દેશના પ્રવાસના ભાગરૂપે શનિવારે સંયુક્ત આરબ અમીરાતમાં હતા. તેમણે જેટલીને શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું હતું કે મેં નઅણમોલ મિત્રથ ગુમાવ્યો છે. મેં અનેક દાયકા તેમની સાથે કામ કર્યું હતું. ભાજપના નેતાઓ ઉપરાંત કૉંગ્રેસનાં વડાં સોનિયા ગાંધી સહિતના અનેક વિપક્ષના નેતાઓએ પણ જેટલીને શ્રદ્ધાંજલિ આપી હતી.

અરુણ જેટલીએ ગયા વર્ષે ૧૪મી મેએ ઑલ ઇન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીસ ખાતે મૂત્રપિંડનું પ્રત્યારોપણ કરાવ્યું હતું. બાદમાં, તેમની તબિયત ઘણી વખત નાદુરસ્ત રહેતી હોવાથી તેઓ અનેક વખત સરકારી કામગીરીમાં ભાગ લઈ નહોતા શકતા. તેઓ મોદીની બીજી કેન્દ્રીય સરકારમાં નહોતા.

જ્યારે ૧ જુલાઈ ૨૦૧૭ના કેન્દ્ર અને રાજ્યોના ૧૭થી વધુ ઈનડાયરેક્ટ ટેક્સના બદલામાં જીએસટી લાગૂ થયો ત્યારે જેટલી નાણામંત્રી હતા. આ સમયે ૧૫૦

● અનુસંધાન પાન-૭ પર

## ચિદમ્બરમ કેસમાં આજે સુપ્રીમ, સ્પેશિયલ કોર્ટમાં સુનાવણી

નવી દિલ્હી, તા. ૨૫

પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમના મામલામાં આવતીકાલે ૨૬મી ઓગસ્ટના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવશે. ચિદમ્બરમના મામલામાં સુપ્રીમ કોર્ટની સાથે સાથે નિચલી કોર્ટમાં પણ સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. ગુરુવારના દિવસે જ ટ્રાયલ કોર્ટ દ્વારા ચિદમ્બરમને પાંચ દિવસની સીબીઆઈ કસ્ટડીમાં મોકલી દેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. તેમના દ્વારા ફરીવાર આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવશે. સાથે સાથે સુપ્રીમ કોર્ટમાં પણ આ મામલે સુનાવણી થશે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, બંને અરજીઓ ઉપર અને સાથે સાથે ૨૬મી ઓગસ્ટના દિવસે સીબીઆઈ કસ્ટડી માટે ટ્રાયલ કોર્ટના આદેશને પડકાર ફેંકતી અરજી ઉપર સુનાવણી થશે. સીબીઆઈની ટુકડી દ્વારા જોરદાર દલીલો કરવામાં આવી ચુકી છે. બીજી બાજુ ગુરુવારના દિવસે ખાસ અદાલતે જામીન માટેની ચિદમ્બરમની અરજીને ફગાવી દીધી હતી.




# પીએમ મોદીને યુએઈનો સર્વોચ્ચ નાગરીક એવોર્ડ એનાયત કરાયો

બેહરીન,તા.૨૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ૨૪ ઓગસ્ટ, શનિવારે



અબુધાબીમાં યુનાઈટેડ આરબ અમિરાતના સર્વોચ્ચ નાગરી પુરસ્કાર ઓર્ડર ઓફ ઝાયેદથી નવાજવામાં આવ્યા હતા. આ એવોર્ડ એમને પાટવીકુંવર મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન દ્વારા એમને એનાયત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ યુએઈના સ્થાપક પિતા શેખ ઝાયેદ બિન સુલતાન અલ નાહયાનનાં નામે રચવામાં આવ્યો છે. ભારત અને યુએઈ રાષ્ટ્રો વચ્ચે દ્વિપક્ષી સંબંધોને મજબૂત કરવા માટે વડા પ્રધાન મોદીએ કરેલા પ્રયાસોની કદરરૂપે એમને આ એવોર્ડ આપવામાં આવ્યો છે. ભૂતકાળમાં આ એવોર્ડથી નવાજેશ કરાયેલી હસ્તીઓ છે. રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન, રાણી એલિઝાબેથ દ્વિતીય અને ચીની પ્રમુખ શી જિનપિંગ. મોદી બાદમાં બેહરીન ગયા હતા જ્યાં પાટનગર મનામા ખાતે અલ ગુડાઈબિયા મહેલમાં બેહરીનના રાજા હમાદ બિન ઈસા બિન સલમાન અલ ખલીફાએ એમને 'કિંગ હમાદ

**હવે યુએઈમાં ભારતનું રૂપે કાર્ડ ચાલશે : વડાપ્રધાન મોદીએ લોન્ચ કર્યું :નરેન્દ્ર મોદીએ બેહરીનમાં શ્રીનાથજી મંદિરમાં જઈને દર્શન કર્યા**

● અનુસંધાન પાન-૭ પર

**બેસણું/સુંવાળા**



અમારા સુપુત્ર **બિહોલા જયરાજસિંહ શૈલેન્દ્રસિંહ** નું તા.૨૧/૦૮/૨૦૧૯ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું / સુંવાળા **તા.૨૬/૦૮/૨૦૧૯ને સોમવારે સવારે ૯-૦૦ થી ૧-૦૦ કલાક** સુધી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળઃ- નંદનવન રેસીડેન્સી, લાલજી પ્લાઝા શોપીંગ સેન્ટર, ભાગોળ, ગામ-પાલજ, તા.જી.ગાંધીનગર. (મો.૯૮૯૮૨૮૨૮૩૯)

લિ.
બિહોલા ભીખુસિંહ પ્રતાપસિંહ
બિહોલા શૈલેન્દ્રસિંહ ભીખુસિંહ
(વિપક્ષ નેતા ગાંધીનગર મહાનગરપાલિકા)
બિહોલા યશરાજસિંહ શૈલેન્દ્રસિંહ
બિહોલા અર્જુનસિંહ ઉદેસિંહ
બિહોલા બચુભા વરવાજી
બિહોલા રઘુવિરસિંહ શિવસિંહ